# વાલવોડ પ્રાથમિક શાળા શિક્ષણ પ્રત્યેની ઉત્તમ કેળવણી અને વિવિધ પ્રવૃત્તિઓ માટે પે સેન્ટરમાં મોખરાનું સ્થાન ધરાવે છે




સને 1874ની 23મી જુલાઈએ અંગ્રેજોના શાસનકાળ દરમિયાન પ્રાથમિક શાળા વાલવોડની સ્થાપના થયેલી છે. શરૂઆતમાં બાળવર્ગ તથા ધોરણ 1 થી 4 ધરાવતી આ શાળા ક્રમશઃ ધોરણ 1 થી 7 ધરાવતી શાળા બની હતી. શરૂઆતમાં શાળાના મકાનના અભાવે ગામની ધર્મશાળામાં બાળકોને ધોરણ 1થી4નું પ્રાથમિક શિક્ષણ આપવામાં આવતુ. ત્યારબાદ સને 1918થી ધોરણ 7 સુધીનું પ્રાથમિક શિક્ષણ બાળકોને મળતું થયું છે. શરૂઆતથી જ આ શાળા શિક્ષણ પ્રત્યે ઉત્તમ ગણાતી અને હાલમાં પણ પે સેન્ટરની શાળાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે. સને 2010 થી સરકારના આદેશ અનુસાર વાલવોડ શાળામાં ધોરણ 8 શરૂ કરવામાં આવેલ છે. ધોરણ 1 માં પ્રજ્ઞા વર્ગનું આયોજન કરવામાં આવેલ છે. ગામના ઘણા વ્યક્તિઓ આ શાળામાંથી શિક્ષણ મેળવી શિક્ષક, નર્સ, સુપરવાઈઝર, ટેકનિશયન , અને બીજા ઘણા હોદ્દા પર સેવા આપી રહ્યા છે, જે આ સંસ્થાનું ગૌરવ છે. શાળામાં અત્યારે પ્રવેશોત્સવ, ગરબા હરિફાઈ, રમતગમત જેવી વિવિધહરિફાઈઓથી ધમધમતી આ શાળા દર વર્ષે પ્રગતિનાં નવાં સોપાનો સર કરેલ છે. શાળાનું મકાન જર્જરીત થતાં સરકાર દ્વારા નવા ઓરડાનું નિર્માણ કરવામાં આવેલ છે. હાલ બે માળની અદ્યતન શાળા બનાવવા માટે સરકારે ગ્રાન્ટ ફાળવણી કરતાં બાંધકામ કરવામાં આવ્યું છે. સરકારી યોજના હેઠળ પણ ઓરડાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. હાલ શાળા કમ્પ્યુટરલેબ, બાયસેગની સુવિધા ધરાવે છે. અનેક સુવિધાઓથી ભરપુર આ શાળા હાલમાં પ્રગતિના પંથે છે. શાળામાં વિવિધ હરિફાઈઓ સાથે દરેક રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી પણ ધામધૂમથી કરવામાં આવે છે. બાળકો ખૂબ શિસ્તમય શિક્ષણ મેળવે છે. શિક્ષકો પણ ઘણા ઉત્સાહી અને ખંતીલા છે. શાળામાં ગામના નાગરિકોનો ખૂબ જ સાથ સહકાર મળી રહે છે.દરેક કાર્ય હળીમળીને સંપથી કરવામાં આવે છે.




## ગામના દેવ મંદિરોમાં ધાર્મિક માહોલ આસ્થા અને આત્મીયતાની સાક્ષી પૂરે છે



શ્રી જલારામ મંદિર


શ્રી મહાદેવ મંદિર


શ્રી જેતલ માતા મંદિર



શ્રી ભાથીજી મહારાજ મંદિર



શ્રી સ્વામિનારાયણ મંદિર

વાલવોડ ગામમાં ભાગોળ વિસ્તારમાં શ્રી ભાથીજી મહારાજ મંદિર, શ્રી જલારામ બાપા મંદિર સહિત દેવ મંદિર નિર્માણ થયેલા છે . તો ગામની ભાગોળેથી નજીકના અંતરે ભગવાન શ્રી રામજીનુ મંદિર છે. શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી રામદેવપીર મંદિર , મહાદેવ મંદિર આ દેવસ્થાન સહિત ઘણા બધા ધર્મ સ્થળો ગામમાં આવેલા છે. આ દરેક સ્થળોએ પરંપરાગત રીતે ધર્મની પ્રણાલી મુજબ દરેક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. સમુદાય દ્વારા નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી સહિતના તહેવારો પણ શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવે છે. ગામની આથમણી દિશાએ આવેલ તળાવ કાંઠા નજીક દેવ મંદિરો છે. ભાગોળમાં ઢળતી સંધ્યાનો સમય એટલે જાણે સૌ માટે આત્મીયતા ખીલી ઉઠે છે. સાંજના સમયે મંદિરમા થતી આરતીની ઝાલરોના રણકાર ગામના વાતાવરણને ખુબ જ આધ્યાત્મિક બનાવી દે છે. ગામની વિશેષતા છે કે સમગ્ર ગામમાં એકતા અને સમરસતાનો ભાવ છે.

## તિર્થધામ પાવાગઢ પગપાળા પહોંચી ધ્વજારોહણની પરંપરા બે દાયકાથી જાળવી રહ્યા છે



બોરસદ તાલુકાના વાલવોડ ગામના સેવાભાવી આગેવાનો દ્વારા નિયમિત રીતે પાવાગઢ પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ મહાકાળી માતા યુવક મંડળ દ્વારા દર વર્ષે પાવાગઢ તિર્થધામ ખાતે આવેલા મહાકાળી માતાજી પગપાળા સંઘનું આયોજન કરાય છે. પગપાળા યાત્રા સંઘમાં વાલવોડ ગામ સહિત આસપાસના ગામોના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં વાલવોડ ગામમાંથી આયોજીત પગપાળા સંઘમાં જોડાઈને દર્શનનો લ્હાવો મેળવે છે. ચૈત્ર માસની આઠમ પર્વ નિમિત્તે દર્શન માટે 300 કરતાં વધુ શ્રધ્ધાળુઓ પદયાત્રાકરીને પાવાગઢ ખાતે પહોંચી જાય છે. ગામમાંથી પ્રસ્થાન થતા મહાકાળી માતાજી પગપાળા સંઘને સમગ્ર વાલવોડ ગામમાં પધરામણી કરવામાં આવે છે.. શ્રદ્ધાળુઓ ચૈત્ર માસમાં પગપાળા પહોંચી મહાકાળી માતાજી મંદિરે ધજા રોહણ કરી ધન્યતા અનુભવે છે. ગામમાંથી ખુબ ઉત્સાહ સાથે શ્રદ્ધાળુ નાગરિકો ગામના પગપાળા સંઘના યાત્રીકોને ડી.જે. અને અબીલ ગુલાલના છોળો સાથે ખુબ ભાવથી પ્રસ્થાન કરાવે છે. પગપાળા સંઘના પ્રસ્થાન માટે દરેક વર્ષે ગામના આગેવાનો ઉપરાંત જિલ્લા, તાલુકાના આગેવાનો હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહી પગપાળા સંઘની શોભાયાત્રામાં જોડાઈને આરતી, પૂજા, દર્શનનો લ્હાવો મેળવે છે.




## માધ્યમિક શિક્ષણ માટે વર્ષ 1962ના 1લી જુનના રોજ સાર્વજનિક હાઈસ્કૂલની શરૂઆત કરવામાં આવી હતી




વાલવોડ ગામમાં કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થા કાર્યરત છે. મંડળનો ઉદેશ્ય સમાજમાં સંસ્કારનું સિંચન અભ્યાસ થકી કરી સમાજને ઉત્કૃષ્ઠ વ્યક્તિત્વ પ્રદાન કરવાનો છે. સ્થાપના સમયથી ગામમાં સ્કુલની સ્થાપના થઈ છે. જે હાલમાં પણ કાર્યરત છે. આજે આ સંસ્થા એક વટવૃક્ષ બની છે અને રાજ્ય કક્ષાએ ખ્યાતી મેળવી છે. ટ્રસ્ટ સંલગ્ન સંસ્થાઓના વિકાસ માટે તેમજ તેમની પ્રવૃતિઓને વેગ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. ટ્રસ્ટની સંસ્થાઓનો વાલવોડ ગામ તેમજ આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓના લાભ મેળવે છે. શાળાઓમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત છે. શાળા જરુરી સુવિધાથી સજ્જ છે .શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત વસ્તુત્વ હરિફાઇ, ધાર્મિક સ્પર્ધા, મહેંદી પ્રવચન, વર્ગ સુશોભન, નિબંધલેખન સ્પર્ધા, જોડણી સુધારણા ઝુંબેશ, રંગોળી સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, મહેંદી હરીફાઇ, તેમજ વૃક્ષારોપણ. સ્વતંત્રતા અને પ્રજાસતાક દિવસની ઉજવણી. સ્વચ્છતા અભિયાન, જન્માષ્ટમી મહોત્સવ, યોગ સાધના, ગૌરીવ્રતની ઉજવણી , શૈક્ષણિક પ્રવાસ જેવા વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવે છે. બાળકોને કોમ્પ્યુટરનું શિક્ષણ મળી રહી તે માટે શાળામાં કોમ્પ્યુટર સેન્ટર પણ કાર્યરત છે, જેમાં અનુભવી શિક્ષકો ધ્વારા કોમ્પ્યુટરનું શિક્ષણ વિદ્યાર્થીઓ મેળવે છે.. વિદ્યાથીઓને પ્રોત્સાહિત કરવામાં માટે દર વર્ષે વાર્ષિક પરિણામ આધારિત ઇનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવે છે. કેળવણી મંડળમાં પ્રમુખ તરીકે ભાનુભાઈ જેઠાભાઈ પટેલ, મંત્રી તરીકે પરેશભાઈ અશ્વિનભાઈ પટેલ, તેમજ કારોબારી સભ્યો: મહેશભાઈ ધુળાભાઈ પટેલ, રમેશભાઈ ચતુરભાઈ પટેલ, જયેશભાઈ નટુભાઈ ઉપાધ્યાય, રજનીભાઈ હસમુખભાઈ પટેલ, જોલેટભાઈ પરસોત્તમભાઈ પટેલ, મહેન્દ્રભાઈ રાવજીભાઈ મકવાણા, પ્રવિણભાઈ ચીનુભાઈ પટેલ, કમલેશભાઈ ઈન્દ્રવદનભાઈ પટેલ, મુકેશભાઈ શાંતિલાલ ગોર જવાબદારી સંભાળે છે.

## ગામના પશુપાલકો પ્રતિદિન 1100 લીટરથી વધુ દુધ મંડળીમાં જમા કરાવે છે

બોરસદ તાલુકાના વાલવોડ ગામની દુધ મંડળી પશુપાલકો માટે આર્થિક આત્મનિર્ભરતાનું મુખ્ય કેન્દ્ર રહ્યુ છે. વાલવોડ ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો સ્ત્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ વાલવોડ દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર- સાંજ બંને સમયે જમા કરાવીને વાલવોડના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે. દુધ ઉત્પાદક સહકારી મંડળી વાલવોડની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે. ગામમાં મુખ્ય આવકનો સ્ત્રોત ખેતી છે. મુખ્ય પાકો તમાકુ બાજરી અને ઘઉં છે. પશુપાલનમાં દેશી ગાયો અને ભેંસો છે. દુધ મંડળી દ્વારા અમુલ ડેરીના સહયોગથી સામુહિક અકસ્માત વિમા યોજનાનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત દુધ ભરતા સભાસદોને અકસ્માતના સંજોગોમાં મૃતકના વારસદારોને બે લાખ ઉપરાંતની વીમા રકમ ચુકવવામાં આવે છે.

## પ્રાથમિક સુવિધાઓ સાથે જન સુખાકારી માટે વાલવોડના જનપ્રતિનિધિઓ સક્રિય રહે છે



વાલવોડ ગામમાં ઘણા બધા પૌરાણિક સ્થળો દ્રશ્યમાન ચોક્કસ થાય છે. ગામના પાદરે અગાઉ પાણી વ્યવસ્થાની સાક્ષી સમાન ગરગડીયો કૂવો પણ પણ ખુબ જાણીતો છે. વર્ષો પહેલાં ગામની તમામ જાતિના લોકો એકમાત્ર આ ગરગડીયા કૂવાનુ પાણી જ પોતાના રોજિંદા ઉપયોગમાં કરતા હતા. બાદમાં સમયાંતરે બદલાવ આવતાં ઘરે ઘરે નળ સાથે પાણીની સુવિધા ઉપલબ્ધ છે. ગામમા કેટલાક અંતરિયાળ વિસ્તારોને બાદ કરતાં લગભગ મોટાભાગના વિસ્તારો બ્લોક અથવા આરસીસી રોડની સુવિધા ધરાવે છે . મહતમ વિસ્તારમાં દરેક ફળિયામા બ્લોક અને ગટરની વ્યવસ્થા ઉભી કરવામા આવી છે. ગામના લોકોને પીવાનું શુધ્ધ પાણી નિયમિત મળી રહે તેવી વ્યવસ્થા ગ્રામ પંચાયત દ્વારા જાળવવામાં આવે છે. આગામી દિવસોમા ગામના લોકોને જન સુખાકારી માટે વિવિધ સુવિધા મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે. ગામના મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલનથી જીવન નિર્ભર કરે છે. ગામમા માધ્યમિક શિક્ષણ કરતાં વધુ ઉચ્ચ શિક્ષણ ધરાવતા યુવક-યુવતીઓ ગણ્યા ગાઠ્યા છે. જેથી ગામમાંથી સરકારી નોકરિયાત વર્ગની સંખ્યા ખૂબ જ ઓછી છે. જોકે ગામના યુવકો રોજગારી માટે વિવિધ શહેરોમાં આવેલી નાની મોટી કંપનીઓમા જાય છે. જ્યારે મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. ગામ નાનું હોવા છતા જરૂરીયાત મુજબની તમામ સુવિધાઓ ઉપલ્બધ છે. ગામમાં તાલુકા પંચાયત પ્રતિનિધિના સહયોગથી અંતિમયાત્રા માટે શબવાહિનીની વ્યવસ્થા કરવામાં આવી છે. ગામમાં આર ઓ પ્લાન્ટ પણ કાર્યરત છે. જેના દ્વારા તમામ ગ્રામજનોને ખુબ જ રાહતદરે શુધ્ધ પાણી પુરું પાડવામાં આવે છે. આમ ગામમાં દરેક દરેક જનપ્રતિનિધિઓ ગામમાં જરૂરી હોય તેવી વ્યવસ્થા માટે હંમેશા સક્રિય રહે છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)